ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ

બુધવાર ૩ સપ્ટેમ્બર, ૨૦૨૫

દાહોદ કાર્યાલય : સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785



## સંક્ષિપ્ત સમાચાર

### ગોધરાની કાંકણપુર આર્ટસ અને કોમર્સ કોમર્સ કોલેજમાં મહેંદી સ્પર્ધા યોજાઈ



**ગોધરા:** ગોધરા તાલુકાની કાંકણપુર ખાતે આવેલી જે.એલ.કે આર્ટસ અને શ્રીમતી એસ.એચ. ગાર્ડી કોમર્સ કોલેજમાં મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના CWDC (College Women Development Committee) અંતર્ગત આ સ્પર્ધા યોજાઈ હતી, જેમાં કોલેજની કુલ ૧૮ બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીનીઓએ પોતાની કલાનું સુંદર પ્રદર્શન કર્યું હતું. સ્પર્ધામાં પ્રથમ નંબરે પટેલ સોનલ .કે .અને પરમાર દક્ષા.એ. તથા દ્વિતીય નંબર વણકર આરતી એસ. અને તૃતીયક્રમે પટેલ રીટા. બી. આવ્યા હતા. સ્પર્ધાના વિજેતાઓને કોલેજના આચાર્ય જગદીશભાઈ.પી. પટેલ અભિનંદન પાઠવ્યા હતા.

### નવજીવન સાયન્સ કોલેજ, દાહોદમાં સાહસિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું



**દાહોદ:** દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુ. સો. સંચાલિત નવજીવન કોલેજના શારીરિક શિક્ષણ અને રમતગમત વિભાગ દ્વારા, ગુજરાત સરકારના યુવક કલ્યાણ વિભાગના સહયોગથી સાહસિક શિબિર યોજાઈ. જિલ્લા યુવા વિકાસ અધિકારી જીગ્નેશ ડાભીના માર્ગદર્શન અને ઘનશ્યામસિંહ સોલંકી, તેમની ટીમના સંચાલન હેઠળ યોજાયેલી શિબિરમાં 49 વિદ્યાર્થીઓએ ભાગ લીધો. શિબિરમાં સારવાર, રિવર ક્રોસ, ટ્રેકિંગ જેવી સાહસિક પ્રવૃત્તિઓ સાથે પાવડી અને રતનમહાલ ખાતે કાર્યક્રમો યોજાયા. વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અપાયા હતા. કાર્યકારી આચાર્ય ડો. જી.જે. ખરાદી અને નિયામક ડો. વિ.જે. ચૌહાણે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યું હતું.

### શહેરાના ભોટવા ખાતે દેશભક્તિના માહોલમાં હવાલદાર અમરસિંહ રાઠોડનું ભવ્ય સ્વાગત



**ગોધરા:** શહેરા તાલુકાના ભોટવા ગામના હવાલદાર અમરસિંહ રાઠોડ 24 વર્ષની સેવા બાદ 17 મેકનાઈઝડ ઈન્ફન્ટ્રી રેજીમેન્ટમાંથી 2 સપ્ટેમ્બર, 2025ના રોજ નિવૃત્ત થયા હતા. વતન પરત ફરતા તેમનું ભવ્ય સ્વાગત વાઘજીપૂર ચોકડીથી રેલી કાઢીને કરવામાં આવ્યું હતું. દેશભક્તિના ગીતો અને નારા સાથે યોજાયેલી આ રેલીમાં ગામલોકો, યુવાનો અને પરિવારજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. સ્થળે પહોંચ્યા બાદ હવાલદાર અમરસિંહને ફૂલહાર પહેરાવી "ભારત માતા કી જય"ના નારા સાથે સન્માનિત કરવામાં આવ્યા હતા. 24 વર્ષની અજોડ સેવાને બિરદાવતા ગામમાં ગૌરવ અને ખુશીનો માહોલ છવાયો હતો.

### સ્વર મહાદેવ મંદિરથી લીમખેડાથી કાયલા ધામ સુધી રામાપીરની ભવ્ય શોભાયાત્રા યોજાઈ



**લીમખેડા :** મહામંડલેશ્વર સ્વામી શ્રી સેવાનંદ ગીરીજી મહારાજની અધ્યક્ષતા હેઠળ હસ્તેશ્વર મહાદેવ મંદિરથી ભવ્ય શોભાયાત્રા યોજાઈ હતી. અંદાજે 10 હજારથી વધુ ભાવિકો ઢોલ-નગારાં અને ડી.જે.ના તાલે નૃત્ય કરતા યાત્રામાં જોડાયા હતા. ગુલાબચંદ શાહ પરિવાર દ્વારા નાસ્તાની સેવા પૂરી પાડાઈ હતી. ભાવિકો 12 કિમી ચાલતા કાયલા સ્થિત નરસિંહ સેવાનંદ ધામ પહોંચ્યા હતા, જ્યાં વડોદરા, છોટાઉદેપુર, બોડેલી તથા મધ્યપ્રદેશના ઝાબુઆ, અલીરાજપુર અને રતલામ જિલ્લાઓમાંથી ભક્તો ઉમટી પડતાં વિશાળ મેળો ભરાયો હતો. શોભાયાત્રા અને મેળા માટે લીમખેડા પોલીસે કડક બંદોબસ્ત ગોઠવ્યો હતો.

### જાંબુઘોડા તાલુકાના ઉઢવણ ગામે ભાદરવા સુદ દશમની ભવ્ય ઉજવણી કરવામાં આવી



**જાંબુઘોડા:** ઉઢવણ ગામે છેલ્લા 25 વર્ષથી ભાદરવા સુદ દશમે રામદેવપીર મહારાજનો જન્મદિવસ ઉત્સાહપૂર્વક ઉજવાય છે. આ વર્ષે પણ તા. 2 ઓગસ્ટે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. હવન, મંત્રોચ્ચાર અને પારણા દર્શન બાદ ભક્તોએ મહાપ્રસાદીનો લાભ લીધો હતો. બપોરે મંદિરે થી રથયાત્રા અને બાલિકાઓ દ્વારા કળશયાત્રા કાઢવામાં આવી હતી. ડી.જે.ના તાલે ગામ તથા બહારગામના ભક્તો મોટી સંખ્યામાં જોડાયા હતા.

### સિંગવડ કબૂતરી નદી કિનારે રામદેવજી જન્મજયંતિની ભવ્ય ઉજવણી કરવામા આવી



**સિંગવડ:** મા ભમરેચીના સાનિધ્યમાં સ્થિત રામદેવજી મંદિર ખાતે તેજા દશમે ભગવાન રામદેવજીની જન્મજયંતિ ઉત્સાહપૂર્વક ઉજવાઈ હતી. ભક્ત કરણભાઈ વણઝારા દ્વારા દર વર્ષે જેમ આ વર્ષે પણ ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહંત શ્રી 108 સુમરણદાસજી, પૂર્વ કેન્દ્રીય મંત્રી તથા સાંસદ જશવંતસિંહ ભાભોર, ધારાસભ્ય શૈલેશભાઈ ભાભોર તેમજ અનેક આગેવાનો, સરપંચો અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં મહેમાનોનું ફૂલહાર અને દુપટ્ટા પહેરાવી સ્વાગત કરાયું હતું. સંત સુમરણદાસજીએ ધ્વજાનું પૂજન કરી ભક્તોને ભજન-ભક્તિનો સંદેશ આપ્યો હતો.

---

કાલોલના મીરાપુરીમાં ગણેશ વિસર્જન દરમ્યાન દુર્ઘટના બની, ગોમા નદીમાં ચાર તણાયા અને ત્રણને બચાવાયા

# ગોધરામાં શાંતિપૂર્ણ વિસર્જન, મિરપુરમાં એક ડૂબ્યો

### ગામનો ઉત્સવ શોકમાં ફેરવાયો



**(પ્રતિનિધિ) કાલોલ, તા. 02:** કાલોલ તાલુકાના મીરાપુરી ગામે સોમવારે ગણેશ વિસર્જન કરવામાં આવ્યુ હતુ, ત્યારે રાત્રિના સમયે ગણેશ વિસર્જન દરમિયાન ગોમા નદીના પાણીમાં ડુબી જવાથી ચાર ઈસમો તણાયા હતા. જે પૈકી ત્રણ ઈસમોને બચાવી લેવાયા હતા. જ્યારે એક ઈસમ પટેલીયા કાલુભાઈ વરસિંગભાઈનુ ઊંડા પાણીમા ડૂબી જવાથી મોત નીપજ્યું હતુ. મીરાપુરી ગામે ગણેશ ઉત્સવ નો આનંદ શોક માં ફેરવાઈ ગયો હતો. મીરાપુરી ગામના તલાટી કમ મંત્રી દ્વારા આ મામલે કાલોલ તાલુકા વિકાસ અધિકારીને લેખિત જાણ કરાઈ છે.



**84 મંડળોની** ભાગીદારી સાથે ડીજે-ઢોલના તાલે હજારો લોકો ઉમટ્યા હતા

(પ્રતિનિધિ) ગોધરા, તા. 02

પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરમાં ગણેશ વિસર્જન યાત્રાનું આન, બાન અને શાન સાથે ભવ્ય સમાપન થયું. આ વિસર્જન યાત્રામાં 84 જેટલા ગણેશ મંડળો જોડાયા હતા. જેઓ ગોધરાના વિશ્વકર્મા ચોક ખાતેથી નીકળીને લાઈનબંધ રીતે રામસાગર તળાવ ખાતે પહોંચ્યા હતા. મોડી રાત સુધી ડીજે, ઢોલ-નગારાના તાલે ગણપતિ બાપ્પાની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

આ યાત્રા દરમિયાન વિવિધ મંડળો દ્વારા રજૂ કરવામાં આવેલી વેશભૂષાઓ લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી. જાણે કે માનવ મહેરામણ ઊમટ્યું હોય તેવા દશ્યો ડ્રોન કેમેરામાં પણ કેદ થયા હતા. ગોધરા શહેરમાં ૩ કિલોમીટરના અંતરે ચાલેલી આ યાત્રામાં હજારોની સંખ્યામાં બાળકો, મહિલાઓ અને યુવાનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. યાત્રા દરમિયાન ગોધરાની સેવાકીય સંસ્થાઓ દ્વારા પીવાના પાણી અને શરબતની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેથી લોકોને રાહત મળી હતી. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પંચમહાલ જિલ્લાના રેન્જ આઈજીપી આર. વી. અસારી, જિલ્લા કલેક્ટર અજય દહિયા, જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ. હરેશભાઈ દુધાત, મહીસાગર એસ.પી સફીન હસન અને રવિરાજસિંહ જાડેજા સહિતના ઉચ્ચ અધિકારીઓ અને પોલીસ સ્ટાફ ખડે પગે હાજર રહ્યા હતા.

તેમની સરાહનીય કામગીરી બદલ ગોધરાના નગરજનોએ પોલીસ પ્રશાસનનો આભાર માન્યો હતો.

આ ઉપરાંત, વિસર્જન યાત્રાને કારણે શહેરમાં ટ્રાફિક જામની સ્થિતિ ઊભી થઈ હતી.પરંતુ ટ્રાફિક પોલીસ પી.આઈ. અને પી.એસ. આઈ. સહિતના સ્ટાફે સમયસર કામગીરી કરીને ટ્રાફિકને હળવો કર્યો હતો.

### વેજલપુરમાં વિઘ્નહર્તા ગણેશજીની મૂર્તિઓનું ભવ્ય વિસર્જન



**(પ્રતિનિધિ) કાલોલ, તા. 02 :** કાલોલ તાલુકાના વેજલપુર ગામે છ દિવસના આતિથ્ય બાદ પરંપરા મુજબ ભવ્ય વિસર્જન યાત્રાનું આયોજન થયું હતું. રામજી મંદિરેથી નીકળેલી આ યાત્રામાં વિવિધ ગણેશ મંડળો, મોટી-નાની મૂર્તિઓ, ડી.જે. અને ઢોલ-નગારાના તાલે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા. યાત્રા દરમિયાન મોટી કાછીયાવાડ, નાની કાછીયાવાડ, સોનીવાડ, મોટાપરા, ભોઈવાડા સહિતના વિસ્તારોમાંથી પસાર થઈ હતી. યાત્રાને મુસ્લિમ સમાજ દ્વારા સ્વાગત આપવામાં આવ્યું, જે ગામની ગૌરવશાળી એકતાનું પ્રતિબિંબ બની રહ્યું હતું. અંદાજે 15થી વધુ મોટી તથા અનેક નાની મૂર્તિઓનું વિસર્જન વેજલપુર મોટા તળાવ ખાતે કરવામાં આવ્યું. ભક્તોએ "ગણપતિ બાપ્પા મોરિયા" ના ગજગજતા નાદ સાથે વિઘ્નહર્તાને વિદાય આપી હતી. સુરક્ષા માટે કાલોલ મામલતદાર, ડી.વાય.એસ.પી., સ્થાનિક પોલીસ સ્ટાફ, ફાયર બ્રિગેડ તથા તરાપાની ટીમો તહેનાત રહી હતી. પંચમહાલ પોલીસ વડાએ પણ રૂટ પર નિરીક્ષણ કરી મુસ્લિમ સમાજના આગેવાનો સાથે મુલાકાત લીધી હતી. બંને સમાજના આગેવાનોના સહકારથી વિસર્જન શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થતા વહીવટી તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.

---

આ દરોડાથી ગેરકાયદેસર ખનીજ વહન કરતા માફિયાઓમાં ફફડાટ

## પંચમહાલ જિલ્લામાં ખનીજ વહન કરતી 7 ટ્રકો ઝડપી 1.20 કરોડનો મુદ્દામાલ જપ્ત

(પ્રતિનિધિ) ગોધરા, તા.02

પંચમહાલ જિલ્લાના ખાણ અને ખનીજ વિભાગે ગેરકાયદેસર ખનીજ વહન કરતા તત્વો સામે કડક કાર્યવાહી કરી છે. વિભાગે વિવિધ સ્થળોએ દરોડા પાડીને કુલ સાત ટ્રકો ઝડપી પાડી છે અને 1 કરોડ 20 લાખ નો મુદ્દામાલ જપ્ત કર્યો.

પ્રાપ્ત માહિતી અનુસાર પંચમહાલ જિલ્લાના ખાણ અને ખનીજ વિભાગના અધિકારીઓ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન તેઓ દ્વારા અલગ અલગ જગ્યાર દરોડો પાડવામાં આવ્યો હતો. જેમાં તેમણે ગેરકાયદેસર રીતે રેતી વહન કરતા તેમજ ઓવેરલોડ ભરેલી ટ્રકો ઝડપી પાડી. આ કાર્યવાહીમાં, ખાણ અને ખનીજ વિભાગે જાંબુઘોડા ખાતેથી ગેરકાયદેસર રીતે સાદી રેતીનું વહન કરતી ત્રણ ટ્રકોને ઝડપી પાડી તને ત્યાંના જ



એક પ્રાઈવેટ કમ્પાઉન્ડમાં મુકવામાં આવી.આ ઉપરાંત, ગોઠડાથી ઝડપાયેલ બે ટ્રકોને પ્રાઈવેટ કમ્પાઉન્ડમાં મૂકી જ્યારે છાનીપ ખાતેથી પણ ઓવરલોડ ભરેલી બે-ટ્રકો પકડવામાં આવી હતી. આ ટ્રકોને જપ્ત કરીને શહેરા મામલતદાર કચેરી ખાતે મૂકવામાં આવી છે. આમ કુલ 7 ટ્રકોને ઝડપી પાડી 1 કરોડ 20 લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથધરવામાં આવી છે.

### સાગટાળા પોલીસની કાર્યવાહી, 2.33 લાખનો વિદેશી દારૂ ઝડપાયો

(પ્રતિનિધિ) દેવગઢબારિયા, તા.02

દેવગઢબારિયા તાલુકાના સાગટાળા પોલીસ સ્ટેશન હેઠળ પ્રોહિબિશન વિભાગે મોટી કાર્યવાહી હાથ ધરી છે. પી.આઈ. જી.બી. પરમાર અને પીએસઆઈ એસ.ડી. સરવૈયાની સૂચનાઓ હેઠળ પેટ્રોલિંગ દરમ્યાન પોલીસને બાતમી મળી હતી કે બોલેરો કાર મારફતે વિદેશી દારૂ લાવવામાં આવ્યો છે. આંકલી ગામ નજીક છુપાવેલો મુદ્દામાલ મળી આવ્યો જેમાં 1,288 બોટલ/ટીનનો જથ્થો કી. રૂ. 2,33,810નો હતો. આરોપી પંકજ રાઠવા (પાંચીયાસાળ) અને ઓડર રાઠવા (સીંગળાજા) સ્થળ પરથી ફરાર થઈ જતા તેમને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

### કાલોલ બસ સ્ટેન્ડ નજીક દૂધ ભરેલો આઈસર ટેમ્પો પલ્ટી, જાનહાનિ ટળી

**કાલોલમાં** દૂધ ભરેલો ટેમ્પો ગટરના ખાડામાં ફસાઈ પલટ્યો



(પ્રતિનિધિ) કાલોલ, તા. 02

કાલોલ બસ સ્ટેન્ડ નજીક વહેલી સવારે અમુલ ડેરીનું દૂધ ભરેલો આઈસર ટેમ્પો ગટરના ખાડામાં ટાયર ફસાતા પલટી ગયો હતો. અકસ્માતમાં ચાલકનો આબાદ બચાવ થવાથી જાનહાનિ ટળી, ઘટનાને કારણે થોડો સમય ટ્રાફિક જામ સર્જાયો હતો. મળેલી માહિતી મુજબ પલ્ટી મારેલ આઈસર ટેમ્પાને સીધું કરતા સમયે આ માર્ગ પર થોડા સમય માટે ટ્રાફિક જામની પરિસ્થિતિ સર્જાઈ હતી. ખાડાઓને કારણે વારંવાર અકસ્માત સર્જાતા વાહનચાલકોમાં તંત્ર પ્રત્યે ભારે રોષ છે.

---

### હાલોલમાં ઈદ-એ-મિલાદ પર્વની તાડામાર તૈયારીઓ




(પ્રતિનિધિ) હાલોલ, તા. 01

હાલોલ શહેરમાં ઈદ-એ-મિલાદ પર્વને લઈ તડામાર તૈયારીઓ ચાલી રહી છે. શહેરના વિવિધ વિસ્તારોમાં રોશનીનો ઝગમગાટ જોવા મળી રહ્યો છે. આવતી 5 સપ્ટેમ્બરે બપોરે 3 વાગ્યે લીમડી ફળિયા અમીરે મિલ્લત ચોકથી ભવ્ય જુલુસ નીકળશે. ત્યારબાદ રઝા યંગ સર્કલ દ્વારા નિયાઝનું આયોજન થશે. મસ્જિદોમાં ધાર્મિક કાર્યક્રમો પણ યોજાઈ રહ્યા છે.

ગણેશ વિસર્જન માટે રસ્તો સુગમ બનાવ્યો

### ગોધરા તાલુકાના યુવાનોએ પોતાના ખર્ચે રસ્તો સાફ કર્યો

(પ્રતિનિધિ) ગોધરા, તા. 02

ગોધરા તાલુકાના ઉજડિયાના મુવાડા ગામમાં રસ્તાઓ પર કાદવ અને કીચડ ભરાઈ જતા ગ્રામજનોએ ખાસ કરીને વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. વારંવાર રજૂઆત છતાં ગ્રામ પંચાયત દ્વારા કોઈ કાર્યવાહી ન થતાં, ગામના યુવાનોએ પોતે જ રસ્તો સાફ કરવાનો બીડો લીધો.

સભ્ય ભરવાડ ગોપાલભાઈ વિહાભાઈએ પોતાના ખર્ચે ટ્રેક્ટરથી સફાઈ કાર્ય શરૂ કર્યું જેમાં અન્ય યુવાનો પણ



જોડાયા. આ કામગીરી પાછળનું મુખ્ય કારણ ગણેશ વિસર્જનની આવનારી શોભાયાત્રા હતી. ગામમાં કાદવ-કીચડના કારણે વિસર્જન સમયે અગવડતા ન પડે તે હેતુથી યુવાનોની આ સ્વયંભૂ કામગીરી સરાહનીય બની છે.

વેપારીઓ તથા ગ્રામજન આંદોલનનો માર્ગ અપનાવવાની ચેતવણી

### પીપલોદ બજાર વિસ્તારમાં વિકાસના અભાવથી વેપારીઓ-ગ્રામજનોમાં રોષ

**વેરો નિયમિત** ભર્યા છતાં પાણી, લાઈટ, સફાઈ અને રસ્તાની સમસ્યાઓ યથાવત

(પ્રતિનિધિ) દાહોદ, તા. 02

પીપલોદ બજાર વિસ્તારના વેપારીઓ અને ગ્રામજનોએ તલાટીશ્રીને લેખિત અરજી આપી તાત્કાલિક સમસ્યાઓના નિરાકરણની માંગ કરી છે. તેમણે આક્ષેપ કર્યો કે વર્ષોથી નિયમિત વેરો ચૂકવ્યા છતાં વિકાસના કોઈ કામ થયા નથી. મુખ્ય સમસ્યાઓમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેતાં અંધકાર, ચોરી-લૂંટનો ભય, પીવાના પાણીની તંગી, સફાઈની અછતથી કચરાના ઢગલાં, રોગચાળાનો ખતરો તથા તૂટી પડેલા રસ્તાઓનો સમાવેશ થાય છે.



વેપારીઓએ કડક શબ્દોમાં જણાવ્યું કે - "વેરો વસૂલવા આવે ત્યારે અમારો વિસ્તાર પંચાયતનો હોય છે, પણ વિકાસ માટે અમારી અવગણના થાય છે. તેઓએ તાત્કાલિક સ્ટ્રીટલાઈટો ચાલુ કરવી, પીવાનું પાણી પૂરું પાડવું, સફાઈ સુધારવી અને રસ્તાઓનું સમારકામ કરવાની માંગ કરી છે. નહીં તો આંદોલનનો માર્ગ અપનાવવાની ચેતવણી આપી છે.

---

કોન્ટ્રાક્ટરનાં નબળા કામ સામે રહીશોમાં આક્રોશ, વરસાદે ડામર રોડ-નાળું ધોઈ નાખ્યું

## હાલોલ તાલુકાના જુના જાખરીયાથી ત્રીકમપુરા ગામમાં જવાનો ડામરરોડ અને તેના પરનું નાળુ મૃતપાય અવસ્થામાં

(પ્રતિનિધિ) હાલોલ, તા. 02

પ્રાપ્ત માહિતી અનુસાર અંદાજે એક વર્ષ પહેલા જુના ઝાંખરીયા થી ત્રિકમપુરા ગામમાં જવાનો બનાવેલ ડામર રોડ અને તેના ઉપર એક મોટું નાળુ માર્ગ અને મકાન વિભાગ હેઠળ બનાવવામાં આવ્યા હતા જે તે સમયે કોન્ટ્રાક્ટર દ્વારા કામ થયેલ હતું જે કામ આજે પહેલા જ વરસાદમાં ટૂંકાગાળા દરમિયાન ડામર રોડ અને નાળુ



બંને બિલકુલ પાણીમાં ધોવાઈ ગયા હતા આ પરિસ્થિતિને જોતા કોન્ટ્રાક્ટર દ્વારા જે તે સમયે નક્કર અને ગુણવત્તા યુક્ત કામ થયેલ નથી આ પરિસ્થિતિનું સર્જન થયું છે માટે લોક મુખે ચર્ચાનો વિષય બન્યો છે જે તે સમયે રસ્તા ના કારણે લોકોએ સ્વયંભૂ રસ્તા માટે જગ્યા પણ આપેલ હતી પરંતુ કમનસીબે કોન્ટ્રાક્ટર અને અધિકારીઓની મિલીભગતથી આ સંપૂર્ણ રસ્તો પાયમલ હાલતમાં થયો છે એવો લોકોમાં ગણઘણાંટ અન સ્થાનિક રહીશોમાં રોજ ભભૂકી ઉઠ્યો છે. તેવું ઝાંખરીયા અને ત્રિકમપુરાના રહીશો જણાવી રહ્યા છે હવે આ રસ્તો પાછો ક્યારે ચાલુ થાય એની પણ સ્થાનિક રહીશો મીટ માડીને રાહ જોઈ રહ્યા છે.

### ફતેપુરા ખાતે 76મો જિલ્લા કક્ષાનો વન મહોત્સવ યોજાયો

(પ્રતિનિધિ) દાહોદ/સુખસર તા.02

દાહોદ જિલ્લાના ફતેપુરા ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ કરણસિંહ ડામોરની અધ્યક્ષતામાં ૭૬મો જિલ્લા કક્ષાનો વન મહોત્સવ યોજાયો હતો. "એક પેડ મા કે નામ" થીમ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં વન વિભાગની વિવિધ યોજનાઓ હેઠળ લાભ વિતરણ, ફળાઉ અને સાગના રોપાનું વિતરણ તથા પ્રશસ્તિપત્ર અર્પણ કરવામાં આવ્યા હતા.

જિલ્લા પંચાયત પ્રમુખ કરણસિંહ ડામોરે ગ્રામજનોને પોતાના ખેતરોમાં ઓછામાં ઓછા ૧૦ વૃક્ષો વાવવાની અપીલ કરી. ઝાલોદ ધારાસભ્ય મહેશભાઈ ભુરીયાએ વૃક્ષોના જતનની મહત્વતા સમજાવી હતી, જ્યારે ફતેપુરા ધારાસભ્ય રમેશભાઈ કટારાએ આદિવાસી ખેડૂતોને પોતાની જમીનમાં રહીને ખેતી અને વિકાસ તરફ પ્રયત્ન કરવાની વાત કરી હતી.

આ પ્રસંગે મહાનુભાવોના વરદહસ્તે જૂથ નર્સરી તથા વિકેન્દ્રિત પ્રજા નર્સરી યોજના હેઠળ સહાયના ચેક આપ્યા હતા. સાથે જ વૃક્ષ રથને લીલી ઝંડી બતાવી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં વન વિભાગના અધિકારીઓ, પદાધિકારીઓ, શાળા સ્ટાફ તથા નગરજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.